અગ્રતા ક્રમ -: **૨૧**

વિભાગ :- શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫30

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભામાં જવાબ આપવાની તારીખ : ૦૭.૦૨.૨૦૨૪

પ્રશ્નનું શિર્ષક : સુરત શહેર અને જિલ્લામાં રત્ન કારીગરો

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર :

માન. ધારાસભ્યશ્રી અમિત ચાવડા (આંકલાવ)

# અગ્રતા ક્રમ : ૨૧

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૫૩૦

## અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક નોંધ | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન-૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરત શહેર / જિલ્લામાં કુલ નોંધાયેલા કારખાના તથા કારખાનાને ઇસ્યુ થયેલ લાયસન્સ મુજબ નોંધયેલા કામદારો ની સંખ્યા કેટલી છે ? તેમજ નોંધાયેલા કારખાના ની તાલુકાવાર વિગતો જણાવશો ? | શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત) |
| પેટા પ્રશ્ન-૨ | તા .૩૧/૧૨/૨૦૨૩નીસ્થિતિએ સુરત શહેર તથા જિલ્લામાં હિરા ઉદ્યોગ ને લગતા કુલ કેટલા કારખાના નોંધાયેલા છે તથા કારખાનાને ઇસ્યુ થયેલ લાયસન્સ મુજબ નોંધયેલા કામદારો ની સંખ્યા કેટલી છે ? | શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત) |
| પેટા પ્રશ્ન-૩ | તા .૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત શહેર તથા જિલ્લામાં છેલ્લા એક વર્ષ માં નવા નોંધાયેલા કારખાનાની સંખ્યા તથા કારખાનાને ઇસ્યુ થયેલ લાયસન્સ મુજબ કામદારો ની સંખ્યા કેટલી છે તે જણાવશો. | શ્રી મનુભાઇ પટેલ (ઉધના) |
| પેટા પ્રશ્ન-૪ | તા .૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત શહેર તથા જિલ્લામાં છેલ્લા એક વર્ષ માં નવા નોંધાયેલા હીરા ઉધોગો ને લગતા કારખાનાની સંખ્યા તથા કારખાનાને ઇસ્યુ થયેલ લાયસન્સ મુજબ કામદારો ની સંખ્યા કેટલી છે તે જણાવશો. | શ્રી મનુભાઇ પટેલ (ઉધના) |

| | | |
|---|---|---|
| પેટા પ્રશ્ન-૫ | અસંગઠિત શ્રમિક એટલે શું ? | શ્રી પ્રવિણભાઇ ઘોઘારી (કરંજ) |
| પેટા પ્રશ્ન-૬ | અસંગઠિત શ્રમિકો માટેના ઇ-શ્રમ પોર્ટલ ઉપર જેમ એન્ડ જ્વેલરી ક્ષેત્રમાં કઇ કામગીરી હેઠળ નોંધણી કરાવી શકાય છે ? | શ્રી પ્રવિણભાઇ ઘોઘારી (કરંજ) |
| પેટા પ્રશ્ન-૭ | અસંગઠિત શ્રમિકો માટે કોઈ બોર્ડની રચના થયેલ છે કે કેમ ? તેમાં કેટલા વ્યવસાયનો સમાવેશ થાય છે ? | |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/530

વિષયઃ

સુરત શહેર અને જિલ્લામાં રત્ન કારીગરો

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 09/01/2024 | 01/02/2024 | 16/01/2024 |

*15/4/530 શ્રી અમિત ચાવડા(આંકલાવ)

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સુરત શહેર અને જિલ્લામાં કેટલા રત્ન કારીગરો કામ કરે છે,

(૨) ઉક્ત કારીગરોને કામદાર કાયદા હેઠળ સમાવેશ થાય છે કે કેમ,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રત્ન કલાકારો દ્વારા સરકારને રત્ન કલાકાર કલ્યાણ બોર્ડ બનાવવા કેટલી રજુઆતો મળી, અને

(૪) મળેલ રજુઆતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

મેઇન પેજ પર જાઓ

**વિભાગે કરેલ જવાબ**

## સુરત શહેર અને જિલ્લામાં રત્ન કારીગરો

*** ૧૫/૪/૫૩૦: શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત શહેર અને જિલ્લામાં કેટલા રત્ન કારીગરો કામ કરે છે, | (૧) | • ડાઇરેક્ટોરેટ ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજ્ય દ્વારા કારખાના ધારા-૧૯૪૮ હેઠળ નોંધાયેલ કારખાનાઓને જરૂરીયાત મુજબના મહતમ કામદારો રાખવા માટે લાઇસન્સ આપવામા આવે છે. સદર કચેરી દ્વારા તા. ૩૧/૧૨/૨૦૨૩ અંતિત સુરત શહેરમાં ૪૪૫ અને જિલ્લામાં ૫૬ હીરા ઉધોગના કાર્યરત કારખાનાઓ પૈકી સુરત શહેરમાં ૨,૭૫,૯૦૦ અને જીલ્લામાં ૧૭,૧૧૦ મહત્તમ કામદારો માટે લાયસન્સ ઇશ્યૂ થયેલ છે. જેમાં કારખાનામાં કામ કરતા વહીવટ, મેઇન્ટેનન્સ, એકાઉન્ટ, સ્ટોર, સીક્યુરીટી, હાઉસકીપીંગ તેમજ ઉત્પાદન પ્રક્રિયામાં જોડાયેલ તમામ કામદારો નો સમાવેશ થાય છે.<br>• વધુમાં, શ્રમ આયુકતશ્રી, ગાંધીનગર એ જણાવ્યાનુસાર, તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સુરત શહેર અને જિલ્લામાં ભારત સરકારના અસંગઠિત શ્રમિકો માટેના ઇ- શ્રમ પોર્ટલ ઉપર જેમ્સ એન્ડ જવેલરી વ્યવસાયમાં સુરત શહેરમાં શૂન્ય અને સુરત જિલ્લામાં ૧૨,૫૮૮ અસંગઠિત કારીગરો નોંધાયેલ છે. |
| (૨) | ઉક્ત કારીગરોને કામદાર કાયદા હેઠળ સમાવેશ થાય છે કે કેમ, | (૨) | ઉક્ત કારીગરો પૈકી સ્વરોજગાર તથા ઘરખાતા સિવાયના કારીગરોનો કામદાર કાયદા હેઠળ સમાવેશ થાય છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રત્ન કલાકારો દ્વારા સરકારને રત્ન કલાકાર કલ્યાણ બોર્ડ બનાવવા કેટલી રજુઆતો મળી, અને | (3) | શૂન્ય |
| (૪) | મળેલ રજુઆતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૪) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---

ગૃહમાં રજુ કરવાની તા.૦૧/૦૨/૨૦૨૪

ક્ર: LED/GLA/e-file/11/2024/0202/M2
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૩૧/૦૧/૨૦૨૪

પ્રતિ,

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગરના તા.૧૬/૦૧/૨૦૨૪ના પત્ર અનુસંધાને જવાબ અપલોડ કરેલ છે.

(ગગુભા રાજ)
નાયબ સચિવ
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

નકલ રવાનાઃ –

(૧) માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

(૨) માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શ્ર.કૌ.વિ.રો.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૪) શ્રમ આયુકતશ્રી, શ્રમ આયુકતશ્રીની કચેરી, ઉધોગભવન, ગાંધીનગર.

(૫) ડાઇરેક્ટોરેટ ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજ્ય, ખાનપુર, અમદાવાદ.

(૬) વિધાનસભા કામકાજ માટે વિભાગના નોડલ અધિકારીશ્રી,શ્ર.કૌ.વિ.રો.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૭) સેકશન અધિકારીશ્રી(સં.) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) શાખા સિલેકટ ફાઇલ /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ – ૨૦૨૪.

મેઇન પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

સુરત જિલ્લામાં હિરા ઉદ્યોગમાં કામ કરતાં રત્ન કલાકારો માટે કલ્યાણ બોર્ડની રચના કરવાની રજૂઆત

મેઇન પેજ પર જાઓ

પૂરક નોંધ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૫૩૦**

**માન. ધારાસભ્યશ્રી અમિત ચાવડા (આંકલાવ)**

**સુરત શહેર અને જિલ્લામાં રત્ન કારીગરો**

**<u>પૂરક નોંધ</u>**

- **અસંગઠિત શ્રમયોગી સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮ ની કલમ- ૧૦(૧) થી તમામ અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરવા માટે જોગવાઈ કરેલ છે.**
- **જે અન્વયે ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી માટે તા. ૨૬/૦૮/૨૦૨૧ ના રોજ ઈ-શ્રમ પોર્ટલ લોન્ચ કરેલ છે.**
- **તા.૩૧/૦૧/૨૦૨૪ સુધીમાં રાજ્યમાં ઈ-શ્રમ પોર્ટલ ઉપર ૧,૧૫,૨૯,૭૬૧ (એક કરોડ પંદર લાખ ઓગંત્રીસ હજાર સાતસો એકસઠ) અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરવામાં આવેલ છે.**
- **ઈ-શ્રમ પોર્ટલ ઉપર અલગ-અલગ ૩૩ વ્યવસાયોના ૫૦૮ પેટા વ્યવસાયોમાં નોંધણી કરવામાં આવે છે. જે વ્યવસાયોની યાદી બિડાણે સામેલ છે.**
- **તે પૈકી ભારત સરકારના અસંગઠિત શ્રમિકોની નોંધણી માટેના ઈ-શ્રમ પોર્ટલ ઉપર તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં રાજ્યમાં જેમ એન્ડ જ્વેલરી વ્યવસાયમાં કુલ- ૬૬,૦૫૮ શ્રમયોગીઓ નોંધાયેલ છે. તે પૈકી સુરત શહેર અને જિલ્લામાં ૧૨,૫૮૮ શ્રમયોગી નોંધાયેલ છે.**

**<u>મેઇન પેજ પર જાઓ</u>**

અગ્રતા ક્રમ : ૨૧

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૩૦

પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી: શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત)

**પેટા પ્રશ્ન ૧**

તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરત શહેર / જિલ્લામાં કુલ નોંધાયેલા કારખાના તથા કારખાનાને ઇસ્યુ થયેલ લાયસન્સ મુજબ નોંધયેલા કામદારો ની સંખ્યા કેટલી છે ? તેમજ નોંધાયેલા કારખાના ની તાલુકાવાર વિગતો જણાવશો ?

**જવાબ**

| ક્રમ નં . | સુરત શહેર / જીલ્લા | નોંધાયેલા કારખાનાઓની સંખ્યા | લાયસન્સ મુજબ મહતમ કામદારોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સુરત શહેર | ૨૦૮૪ | ૫૧૮૭૮૦ |
| ૨ | સુરત જીલ્લો | ૩૭૦૯ | ૫૧૨૬૧૦ |
| કુલ | | ૫૭૯૩ | ૧૦૩૧૩૯૦ (દસ લાખ એકત્રીસ હજાર ત્રણસો નેવું) |

| ક્રમ નં . | તાલુકાનુ નામ | તાલુકાવાર નોંધાયેલા કારખાનાઓની સંખ્યા | લાયસન્સ મુજબ મહતમ કામદારોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સુરત શહેર | ૨૦૮૪ | ૫૧૮૭૮૦ |
| ૨ | ચોર્યાસી | ૧૫૦૩ | ૨૩૬૪૪૦ |
| ૩ | કામરેજ | ૧૫૭ | ૭૬૯૦ |
| ૪ | મહુવા | ૨૮ | ૨૫૬૦ |
| ૫ | માંડવી | ૨૪૬ | ૨૧૦૮૦ |
| ૬ | માંગરોળ | ૭૯૫ | ૬૨૫૪૦ |
| ૭ | ઓલપાડ | ૨૯૭ | ૧૭૭૯૦ |
| ૮ | પલસાણા | ૫૭૯ | ૧૫૬૫૮૦ |
| ૯ | બારડોલી | ૧૦૪ | ૭૯૩૦ |
| ૧૦ | ઉમરપાડા | ૦૦ | ૦૦ |
| કુલ | | ૫૭૯૩ | ૧૦૩૧૩૯૦ (દસ લાખ એકત્રીસ હજાર ત્રણસો નેવું) |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ : ૨૧ | |
|---|---|
| **તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૩૦** | |
| પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત) | |
| **પેટા પ્રશ્ન ૨** | તા .૩૧/૧૨/૨૦૨૩નીસ્થિતિએ સુરત શહેર તથા જિલ્લામાં હિરા ઉદ્યોગ ને લગતા કુલ કેટલા કારખાના નોંધાયેલા છે તથા કારખાનાને ઇસ્યુ થયેલ લાયસન્સ મુજબ નોંધયેલા કામદારો ની સંખ્યા કેટલી છે ? |
| **જવાબ** | તા .૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત શહેર તથા જિલ્લામાં હિરા ઉદ્યોગ ને લગતા કુલ કારખાના તથા કારખાનાને ઇસ્યુ થયેલ લાયસન્સ મુજબ નોંધયેલા કામદારો ની સંખ્યાની વિગતો આ મુજબ છે. |

| ક્રમ નં . | સુરત શહેર / જીલ્લા | હિરા ઉદ્યોગને લગતા કાર્યરત કારખાનાઓની સંખ્યા | હિરા ઉદ્યોગને લગતા લાયસન્સ મુજબ મહતમ કામદારોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સુરત શહેર | ૪૪૫ | ૨૭૫૯૦૦ |
| ૨ | સુરત જીલ્લો | ૫૬ | ૧૭૧૧૦ |
| કુલ | | ૫૦૧ | ૨૯૩૦૧૦<br>(બે લાખ ત્રાણું હજાર દસ) |

મેઇન પેજ પર જાઓ

<table>
<tr><td colspan="2">**અગ્રતા ક્રમ : ૨૧**</td></tr>
<tr><td colspan="2">**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૩૦**</td></tr>
<tr><td colspan="2">પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી મનુભાઇ પટેલ (ઉધના)</td></tr>
<tr><td>પેટા પ્રશ્ન 3</td><td>તા .૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત શહેર તથા જિલ્લામાં છેલ્લા એક વર્ષ માં નવા નોંધાયેલા કારખાનાની સંખ્યા તથા કારખાનાને ઇસ્યુ થયેલ લાયસન્સ મુજબ કામદારો ની સંખ્યા કેટલી છે તે જણાવશો.</td></tr>
<tr><td>જવાબ</td><td>તા .૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત શહેર તથા જિલ્લામાં છેલ્લા એક વર્ષ માં નવા નોંધાયેલા કારખાનાની સંખ્યા તથા કારખાનાને ઇસ્યુ થયેલ લાયસન્સ મુજબ કામદારો ની સંખ્યાની વિગતો આ મુજબ છે.<br><table>
<tr><th>ક્રમ નં .</th><th>સુરત શહેર / જીલ્લા</th><th>છેલ્લા ૧ વર્ષમાં નવા નોંધાયેલા કારખાનાઓની સંખ્યા</th><th>છેલ્લા ૧ વર્ષમાં નવા લાયસન્સ મુજબ મહતમ કામદારોની સંખ્યા</th></tr>
<tr><td>૧</td><td>સુરત શહેર</td><td>૧૬૩</td><td>૨૩૩૭૦</td></tr>
<tr><td>૨</td><td>સુરત જીલ્લો</td><td>૩૪૧</td><td>૧૭૨૫૦</td></tr>
<tr><td colspan="2">કુલ</td><td>૫૦૪</td><td>૪૦૬૨૦<br>(ચાલીસ હજાર છસો વીસ)</td></tr>
</table></td></tr>
</table>

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ : ૨૧ | |
|---|---|
| **તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૩૦** | |
| પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી મનુભાઇ પટેલ (ઉધના) | |
| પેટા પ્રશ્ન ૦૪ | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત શહેર તથા જિલ્લામાં છેલ્લા એક વર્ષ માં નવા નોંધાયેલા હીરા ઉધોગો ને લગતા કારખાનાની સંખ્યા તથા કારખાનાને ઇસ્યુ થયેલ લાયસન્સ મુજબ કામદારો ની સંખ્યા કેટલી છે તે જણાવશો . |
| જવાબ | તા .૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત શહેર તથા જિલ્લામાં છેલ્લા એક વર્ષ માં નવા નોંધાયેલા હીરા ઉધોગો ને લગતા કારખાનાની સંખ્યા તથા કારખાનાને ઇસ્યુ થયેલ લાયસન્સ મુજબ કામદારો ની સંખ્યા ની વિગતો આ મુજબ છે. |

| ક્રમ નં . | સુરત શહેર / જીલ્લા | છેલ્લા ૧ વર્ષમાં નવા નોંધાયેલા હિરા ઉદ્યોગોને લગતા કારખાનાઓનીસંખ્યા | છેલ્લા ૧ વર્ષમાં હિરા ઉદ્યોગોને લગતા નવા લાયસન્સ મુજબ મહતમ કામદારોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સુરત શહેર | ૫૮ | ૧૮૧૬૦ |
| ૨ | સુરત જીલ્લો | ૨૦ | ૨૫૨૦ |
| કુલ | | ૭૮ | ૨૦૬૮૦ (વીસ હજાર છસો એસી) |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ : ૨૧ | |
|---|---|
| **તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૩૦** | |
| પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્ય શ્રી પ્રવિણભાઇ ઘોઘારી (કરંજ) | |
| **પેટા પ્રશ્ન ૫** | અસંગઠિત શ્રમિક એટલે શું ? |
| **જવાબ** | • અસંગઠિત શ્રમયોગી સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮ની કલમ-૨(એમ) મુજબ અસંગઠિત શ્રમયોગી એટલે<br>(૧) ઘરેલુ કામદાર<br>(૨) સ્વરોજગારી મેળવતા કામદાર અથવા<br>(૩)અસંગઠિત ક્ષેત્રમાં કામ કરીને વેતન મેળવતા કામદાર તથા<br>(૪) જે શ્રમયોગીને<br>• કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩<br>• ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭<br>• કામદાર રાજ્ય વિમા અધિનિયમ, ૧૯૪૮<br>• કર્મચારી ભવિષ્યનિધિ અને વિવિધ જોગવાઈઓ અધિનિયમ, ૧૯૫૨<br>• પ્રસૂતિ લાભ અધિનિયમ , ૧૯૬૮<br>• ગ્રેચ્યુટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨<br>હેઠળ આવરી લેવાયેલ ન હોય તેને અસંગઠિત કામદાર કહેવામાં આવે છે. |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ : ૨૧ | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૩૦ | |
| પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્ય શ્રી પ્રવિણભાઇ ઘોઘારી (કરંજ) | |
| પેટા પ્રશ્ન ૬ | અસંગઠિત શ્રમિકો માટેના ઇ-શ્રમ પોર્ટલ ઉપર જેમ એન્ડ જ્વેલરી ક્ષેત્રમાં કઇ કામગીરી હેઠળ નોંધણી કરાવી શકાય છે ? |
| જવાબ | ➢ જેમ એન્ડ જ્વેલરી ક્ષેત્રમાં<br>• ટેગ અને લેબલ લગાડનાર<br>• ડેટા એન્ટ્રી ઓપરેટર<br>• હિરા અને જ્વેલરી મશીન ઓપરેટર (કારીગરો અને શ્રમયોગીઓ)<br>• હિરા ઘસનાર(મશીન)<br>• હિરા પોલિશ કરનાર (મશીન)<br>અસંગઠિત શ્રમિક નોંધણી કરાવી શકે છે. |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ : ૨૧ | |
|---|---|
| **તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૫૩૦** | |
| પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી | |
| **મૂળ પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી : માન. ધારાસભ્યશ્રી અમિત ચાવડા (આંકલાવ)** | |
| **પેટા પ્રશ્ન ૭** | અસંગઠિત શ્રમિકો માટે કોઈ બોર્ડની રચના થયેલ છે કે કેમ ? તેમાં કેટલા વ્યવસાયનો સમાવેશ થાય છે ? |
| **જવાબ** | અસંગઠિત શ્રમયોગી સામાજિક સુરક્ષા અધિનિયમ ૨૦૦૮ની કલમ-૬ હેઠળ ગુજરાત રાજ્ય સામાજિક સુરક્ષા બોર્ડની રચના થયેલ છે .જેમાં ભારત સરકારે ૫૦૮ વ્યવસાયમાં રોકાયેલા અસંગઠિત શ્રમિકોનો સમાવેશ કરેલ છે. |

મેઇન પેજ પર જાઓ